# 13 ધ્વજવંદન માટે ધ્વજ બાંધવાની રીત

**પ્રસ્તાવના**

રાષ્ટ્ર બંધારણ, રાષ્ટ્ર ધ્વજ અને રાષ્ટ્રગીતને રાષ્ટ્ર માટે મહામૂલી મિલકત ગણવામાં આવે છે. કોઇ પણ સ્વતંત્ર દેશના યુવાનોને રાષ્ટ્રગીત, રાષ્ટ્રધ્વજ તથા દેશભક્તિનાં ગીતો અંગેનું જ્ઞાન આપી તેમનામાં રાષ્ટ્રપ્રેમ, દેશભક્તિ, સ્વદેશભક્તિ, રાષ્ટ્રભાવના જેવા ગુણો વિકસાવી શકાય. તેમનામાં એવી ભાવના પણ જાગ્રત થાય છે કે, ''હું દેશનો યુવાન છું અને દેશ મારો છે. દેશ માટે હું બધું કરી છૂટવા તૈયાર છું.'' શાળા-મહાશાળાઓમાં વિદ્યાર્થીઓને ધ્વજવંદન વખતે રાષ્ટ્રધ્વજ બાંધવાની રીતથી તેમજ ધ્વજવંદન વિધિથી માહિતગાર કરવા જોઈએ.

**રાષ્ટ્રધ્વજ**

ભારતને આઝાદી 15મી ઑગસ્ટ, 1947 મળી. 'બંધારણ સભા'ની બેઠકમાં ભારતનો રાષ્ટ્રધ્વજ નક્કી કરવામાં આવેલો. ભારતીય ગણરાજ્યનો રાષ્ટ્રધ્વજ તરીકે ત્રિરંગા ધ્વજને પસંદ કરવામાં આવ્યો. જે ભારતના રાષ્ટ્રધ્વજ તરીકે ઓળખાય છે.

આ ધ્વજ આડા ત્રણ રંગના સરખા પ્રમાણવાળા પટ્ટા ધરાવે છે. જેમાં ઉપરનો પટ્ટો કેસરી, વચ્ચે સફેદ અને નીચે લીલો રંગ હોય છે. કેન્દ્રમાં ઘેરા વાદળી રંગનું 24 આરા ધરાવતું ચક્ર આવેલું છે. આ ચક્ર અશોકના સારનાથના સ્તંભ પર આવેલ ધર્મચક્રને લેવામાં આવેલું છે તેથી તે અશોકચક્ર તરીકે ઓળખાય છે. અશોકચક્રનો વ્યાસ સફેદ પટ્ટાની પહોળાઈનાં $^3/_4$ ભાગ જેટલો હોય છે. આ ધ્વજની પહોળાઈ અને લંબાઇનું પ્રમાણ 2:3 ના ગુણોત્તરમાં હોય છે. અધિકૃત ધ્વજ ગુણવત્તા પ્રમાણે હાથ વણાટની ખાદીનાં કાપડમાંથી જ બનાવેલો હોવો જોઈએ.



**રાષ્ટ્રધ્વજ**

રાષ્ટ્રધ્વજમાં પસંદ કરાયેલા રંગોમાં કેસરી રંગ ત્યાગ અને સમર્પણનું પ્રતિક છે. સફેદ રંગ પ્રકાશનું કેન્દ્ર છે અને લીલો રંગ આપણો માટી સાથેનો સંબંધ દર્શાવે છે. મધ્યમાં રહેલ અશોકચક્ર એ ધર્મચક્ર છે. સત્ય અને ધર્મ એ બંને આ ધ્વજ હેઠળ કામ કરનાર માટે માર્ગદર્શક સિદ્ધાંતો છે, તે ઉપરાંત ચક્ર સતત ગતિશીલતાનું પ્રતીક છે. તે દિવસનાં 24 કલાકનું પણ દર્શક છે.

- **જુદા-જુદા કદના ધ્વજોની નિશ્ચિત લંબાઈ - પહોળાઈ**

| ક્રમ | ધ્વજનું માપ | ઉપયોગ |
|---|---|---|
| (1) | 21' ×14' = 6.40 મી × 4.27 મી | ઊંચા ધ્વજદંડ પર અતિ વિશાળ ઈમારતો પર |
| (2) | 12' ×8' = 3.66 મી × 2.44 મી | તોપવાહિની, લાલ કિલ્લો, રાષ્ટ્રપતિ ભવન, સંસદગૃહ પર |
| (3) | 6' ×4' = 1.83 મી × 1.22 મી | વિદેશોમાં ભાગ લેતા હોય એવી બેઠકો પરિષદો વગેરેમાં મેજ પર |
| (4) | 3' × 2' = 0.91 સેમી × 0.61 સેમી | ખંડોમાં પ્રદર્શન માટે |
| (5) | 9' × 6' = 23 સેમી × 15 સેમી | મહાનુભાવોની મોટરગાડી પર. |

**ધ્વજને વાળવાની રીત :** લીલો રંગ અને સફેદ રંગ જ્યાં મળે ત્યાં બંને બાજુએ પકડવો, ત્યારબાદ કેસરી રંગના બંને છેડે પકડી પહેલાં જ્યાં પકડેલ છે તેમને ભેગા કરો, એટલે ત્રણ ગડીમાં વળાશે. પછી લીલો રંગ ઉપર રહે અને કેસરી રંગ નીચે તે રીતે પકડો. ત્યારપછી લીલો રંગ અંદર આવે અને કેસરી રંગ ઉપર આવે તે રીતે સાડીની પાટલી વાળતા હોય તેમ વાળો. જેથી લીલો રંગ બહાર દેખાશે નહીં. ઉપર અને નીચે ફક્ત કેસરી રંગ દેખાશે.

**ધ્વજને બાંધવાની રીત :** ધ્વજ સ્તંભને ઉપરના છેડે એક ગરગડી કે હૂક લગાવવો. ગરગડી ધ્વજપોલ સાથે વેલ્ડિંગ કે વ્યવસ્થિત જડાયેલી હોવી જોઇએ. ધ્વજ સ્તંભની સાથે જડાયેલી ગરગડીમાં દોરી નાંખો. એક છેડો બહારની બાજુ અને બીજો છેડો અંદરની બાજુએ રાખવો.

બહારના છેડાને કેસરી રંગના છેડા (નાકુ કરેલ હોય તે) સાથે બાંધો અને અંદરના છેડા સાથે લીલા રંગના છેડા (નાકુ કરેલ હોય તે) સાથે બાંધો. ત્યારબાદ ધ્વજને વાળવાની રીત અપનાવો. પછી અંદરના છેડાને એટલે કે લીલા રંગના છેડાની દોરી જમણા હાથથી પકડી બહારની બાજુ (જમણી બાજુ થી ડાબી બાજુ) લઈ ડાબા હાથ વડે પકડો. બંને હાથથી પકડેલી દોરી જમણા હાથની દોરી નીચેથી અંદર નાખી બંને હાથથી પકડેલી દોરી ખેંચો જેથી ગાંઠ વળે તે રીતે બાંધો. ત્યારપછી અંદરની બાજુથી પકડેલી દોરી ખેંચો જેથી બહારના છેડા સાથે બાંધેલ દોરી ગરગડી ઉપર જશે. પછી અંદરના છેડા સાથે બાંધેલ દોરી ઉપર નિશાન કરો અથવા થોડી ઢીલી રાખી ધ્વજપોલ ઉપર દોરી બાંધો, જેથી તે દોરી ધ્વજ ફરકાવવા માટે મહેમાનશ્રીને આપી ધ્વજ ફરકાવે.

**શિક્ષક માટે સૂચના**

- વિદ્યાર્થીઓને રાષ્ટ્રધ્વજ વાળવાની રીતથી માહિતગાર કરવા.
- વિદ્યાર્થીઓને રાષ્ટ્રધ્વજ બાંધવાની રીતથી માહિતગાર કરવા.
- શાળામાં રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીમાં વિદ્યાર્થીઓને સહભાગી બનાવવાં.

•